| GJVD130004502022 | सत्यमेव जयते | | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રાપ્તિ તારીખ | ૧૧/૦૪/૨૦૨૨ | | |
| | | દાખલ તારીખ | ૧૧/૦૪/૨૦૨૨ | | |
| | | ફેંસલ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૩૦ | ૧૧ | ૦૩ |

## FORM – A

| મે. શિનોરના પ્રીન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(એમ.એમ.સૈયદ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. શિનોર, જી. વડોદરા. | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૩૯૨/૨૦૨૨ |
| ગુના રજીસ્ટર નંબર | શિનોર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૧૯૭૦૪૬૨૨૦૨૧૫/૨૦૨૨ |
| ફરિયાદી | શ્રીસરકાર |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી સુનીલભાઇ પ્રજાપતિ |
| આરોપી | ફતેસીંગભાઈ વિઠ્ઠલભાઈ પાટણવાડીયા<br>રહે. ઉતરાજ, તા. શિનોર, જી. વડોદરા. |
| REPRESENTED BY | આરોપીઓ તરફે વિ.વ.શ્રી :- એચ.સી.જોષી. |

## FORM – B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૨ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૬/૦૩/૨૦૨૨ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | ૨૪/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો. | -- |

## આરોપીની માહીતી

| આરોપી નો રેન્ક | આરોપી નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવા માં આવી | કલમ ૪૨૮ સી.આર.પી.સી. ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતોનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફતેસીંગભાઈ વિઠ્ઠલભાઈ પાટણવાડીયા | ૬/૩/૨૨ | મુદત અંદર | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) | નિર્દોષ | ના | |

## FORM – C

### પ્રોસીકયુશનના સાક્ષીઓની યાદી

### A. પ્રોસીકયુશન

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| ૧ | સતિષભાઈ મોતિભાઈ વસાવા | પંચ સાહેદ |
| ૨ | રોહન જગદિશભાઈ દરજી | પંચ સાહેદ |
| ૩ | કંચનભાઈ ગોકળભાઈ રાઠવા | ત.ક.અ. |

### પ્રોસીકયુશનના આંકની સુચી

### A. પ્રોસીકયુશન

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચ સાહેદ સતિષભાઈ મોતિભાઈ વસાવાની જુબાની |
| ૨. | ૧૦ | શરીર સ્થીતીનુ પંચનામુ |
| ૩. | ૨૦ | પંચ સાહેદ રોહન જગદિશભાઈ દરજીની જુબાની |
| ૪. | ૩૨ | ત.ક.અ. કંચનભાઈ ગોકળાભાઈ રાઠવાની જુબાની |
| ૫. | ૩૩ | ફરિયાદ |

**ક્રિમીનલ કેસ નં. ૩૯૨ / ૨૦૨૨**

**આંક –**

**– : : ચુકાદો : : –**

**(૧)** હાલની ફરીયાદપક્ષની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના તહોમતદારે તા.૦૬/૦૩/૨૦૨૨ ના કલાક ૨૦/૧૫ વાગે મોજે ઉતરાજ ગામે પંચવટી ફળિયામાં જાહેરમાં વગર પાસ પરમીટે કોઈ કેફી પીણાનો નશો

કરેલ હાલતમાં મળી આવી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ હાલની ફરીયાદ આપેલી છે.

**(૨)** આ કામે આરોપી વિરુધ્ધ ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ હાથ ધરેલી અને ગુનાથી વાકેફ સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી આરોપીઓ વિરુધ્ધ ગુનો બનતો હોય, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૩)** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા, આરોપી સામેના આક્ષેપિત ગુનાનું કોગ્નીઝન્સ લઈ અન્વયે સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ હતા અને આ કામના આરોપી હાજર થતા તેને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી હતી. ત્યારબાદ આરોપીનું આંક–૫ થી તહોમતનામું તથા આંક–૬ થી પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલો હતો. જેથી આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી, સંહિતાની કલમ–૨૭૩ મુજબ તેઓની હાજરીમાં ખુલ્લી અદાલતમાં કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી હતી.

**(૪)** ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | પંચ સાહેદ સતિષભાઈ મોતિભાઈ વસાવાની જુબાની |
| ૨ | ૨૦ | પંચ સાહેદ રોહન જગદિશભાઈ દરજીની જુબાની |
| ૩ | ૩૨ | ત.ક.અ. કંચનભાઈ ગોકળાભાઈ રાઠવાની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>**

| ક્રમ | આંક | પુરાવો |
|---|---|---|
| ૧ | ૧૦ | શરીર સ્થીતીનુ પંચનામુ |

| | | |
|---|---|---|
| ૨ | ૩૩ | ફરિયાદ |

**(૫)** ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવા ન હોય તેવુ ફરીયાદપક્ષે મૌખિક રીતે જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે.

**(૬)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઇન્કાર કરેલ છે અને તેઓ સદર ગુનાના કામે બચાવના કોઇ સાક્ષી તપાસવા માંગતા નથી કે તેઓ પોતે સોગંદ ઉપર કોઇ જુબાની રજુ કરવા માંગતા નથી તેમ જણાવેલ છે. અને પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, "ખોટી ફરિયાદ અમો આરોપી ઉપર કરેલી છે."

**(૭)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષના વિ.વ.શ્રીની ની મૌખિક દલીલો સાંભળી.

**(૮)** ઉપરોકત હકિકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>: : મુદ્દાઓ : :</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના તહોમતદારે તા.૦૬/૦૩/૨૦૨૨ ના કલાક ૨૦/૧૫ વાગે મોજે ઉતરાજ ગામે પંચવટી ફળિયામાં જાહેરમાં વગર પાસ પરમીટે કોઈ કેફી પીણાનો નશો કરેલ હાલતમાં મળી આવી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૯)** ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોકત કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના કારણો ઉપસ્થિત થાય છે.

**<u>ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૯ થી શરીર સ્થીતીનાં પંચનામાના પંચ સાહેદ સતિષભાઈ મોતિભાઈ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં સદરહું પંચ સાહેદે જણાવેલ છે કે, "આશરે થોડાક સમય પહેલા પોલિસે બોલાવેલા. ઉપરાંત પોલિસે તૈયાર કરેલ લખાણમાં મારી સહી લીધેલી. મારી હાજરીમાં પોલિસે શરીર સ્થીતીનું પંચનામુ કરેલ નથી. મારી હાજરીમાં એવુ બનેલ નથી કે કોઈ ઈસમ નશા કરેલ હાલતમાં કે પછી કેફી પીણુ પીધેલ હાલતમાં મળેલ હોય કે તેનું પંચનામુ કરેલ હોય. પંચનામા વિશે હુ કંઈ જાણતો નથી. મને પંચનામુ બતાવવામાં આવે છે તેમા મારી સહી હુ ઓળખી બતાવુ છું. પંચનામાને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે." સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ છે પરંતુ એ.પી.પી.શ્રી કોઈ ફળાદાયી હકીકત ઉલટ તપાસમાં કઢાવી શકેલ નહી.

– ત્યારબાદ બચાવપક્ષ તરફે સદરહું સાહેદની ઉલટતપાસ કરેલી છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મે પોલિસનાં કહેવાથી માત્ર સહી કરેલી બાકી મને કોઈ જાત માહિતી નથી"

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૨૦ થી શરીર સ્થીતીનાં પંચનામાના પંચ સાહેદ રોહન જગદિશભાઈ દરજી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં સદરહું પંચ સાહેદે જણાવેલ છે કે, "હુ ગામ પાસેથી જતો હતો ત્યારે પોલીસે મારી સહી કરાવેલી. મે સહી કરી તે કાગળ લખાણ લખેલ હતુ. મે તે કાગળમા શું લખાણ લખેલુ તે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સં ભળાવેલ નહી. મને આંક ૧૦ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે હું ઓળખી બતાવુ છું જેમા મારી સહી છે. મારી રુબરુમા બીજા કોઈ માણસે સહી કરેલ હોય તેવુ બનેલ નહી." સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ

તપાસ એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ છે પરંતુ એ.પી.પી.શ્રી કોઈ ફળાદાયી હકીકત ઉલટ તપાસમાં કઢાવી શકેલ નહી.

– ત્યારબાદ બચાવપક્ષ તરફે સદરહું સાહેદની ઉલટતપાસ કરેલી છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે પોલીસે મને સાથે રાખીને કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે મે તૈયાર લખેલા કાગળમા સહી કરેલી, બનાવ વિશે મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે મે જયારે સહી કરી ત્યારે મારે અને પોલીસ સીવાય અન્ય કોઈ વ્યકિત હાજર રહેલ નહી."

**(૧૩)** ફરીયાદપક્ષ તરફે તપાસ કરનાર અધિકારી કંચનભાઈ ગોકળભાઈ રાઠવા નાઓએ આંક–૩૨ થી પોતાની સોગંદ ઉપરની જુબાની રજુ કરી જણાવેલ છે કે, "ગઈ તારીખ ૦૬/૦૩/૨૦૨૨ ના રોજ અપોકો નરેન્દ્રસિંહ ગુલાબસિંહ બકલ નંબર ૧૧૭૧ નાઓએ એક ઈસમ જાહેરમાં ગમે તેમ બોલતો હોય જે ઈસમ નામે ફતેસિંહ વિઠકલભાઈ પાટણવાડીયા રહેવાસી ઉતરાજ પંચવટી ફળીયુ તા. શીનોર નાઓ તોતડાતી જીભે જણાતો હોય અને કેફી પીણાનો નશો કરેલ હાલતમા જણાતો હોય અને પીધેલાની પુષ્કળ વાસ આવતી હોય અને તેની આંખો નશાથી લાલચોળ ઘેરાયેલી હોય અને શરીરનુ સમતોલન જાળવી શકતો ન હોય અને લથડીયા ખાતો હોય એ ઈસમ વિરુધ્ધ નરેન્દ્રસિંહ ગુલાબસિંહ અપોકોએ ફરીયાદ આપેલી જે ફરીયાદ મને બતાવવામા આવે છે. જેમા મારી રૂબરૂમા ફરીયાદ આપેલી જેમા નરેન્દ્રસિંહ ગુલાબસિંહની સહી છે અને રૂબરૂમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ફરીયાદને રજુ દાખલ આંક–૩૩ આપવામા આવે છે. આ કામની તપાસ મે સંભાળી લેતા મારી સાથેના પોલીસ કોન્સટેબલોના જવાબ લીધેલા અને પંચનામું કરેલુ. આરોપીને મેડીકલ માટે મોકલી આપેલો જે એ ફોર્મ હુ રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૩૫ આપવામા આવે છે. આરોપીને અટક કરી તેની વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલુ. આ કામે મે ફોર્મ–બી જે રવાનગી ફોર્મ છે તે મેળવેલ નથી અને કામમા અસલ કાગળોમા સામેલ રાખેલ નથી અને આ કામે ફોર્મ–સી એફએસએલનો રીપોર્ટ મેળવીને સામેલ રાખેલ નથી. આરોપી હાજર હોય તો હુ તેને ઓળખી શકુ. આરોપી તર્ફે હાજરી મુકતીનો રીપોર્ટ છે અને તેમા આરોપીની ઓળખની તકરાર જતી કરવામાં આવેલ છે."

– ત્યારબાદ બચાવપક્ષ તરફે સદરહું સાહેદની ઉલટતપાસ કરેલી છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે ફરીયાદી નરેન્દ્રસિંહ ગુલાબસિંહ એ મારા સ્ટાફના કર્મચારી છે. એ વાત ખરી નથી કે પંચનામા મે મારી જાતે લખી લીધેલા અને તૈયાર પંચનામા ઉપર પંચોની સહી લીધેલી. એ વાત ખરી છે કે આ કામે મે ફક્ત પોલીસ કર્મચારીઓના નીવેદન લીધેલા છે. એ વાત ખરી નથી કે પોલીસ કર્મચારીઓના નીવેદન મે જાતે લખી લીધેલા. એ વાત ખરી છે કે મે આ કામે તટસ્થ સાહેદોના નીવેદન લીધેલા નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ કરનાર મારા સહ કર્મચારી હોય તેની ફરીયાદને સર્મથન આપવા માટે જાતે નીવેદનો તથા પંચનામા લખી લઈ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામે ફક્ત ફોર્મ–એ રજુ કરેલ છે એ સીવાય અન્ય કોઈ ફોર્મ મેળવીને રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે ખોટી તપાસ કરેલ છે જે આજ રોજ ખોટી જુબાની આપું છું"

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**(૧૪)** આમ, સદર કામે પુરાવાઓનું સંયુક્ત મુલ્યાંકન કરવામાં આવે તો, તો સૌપ્રથમ એ નોંધવુ જરૂરી બને છે કે, આ કામે શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદોને આંક–૯ થી સતિષભાઈ મોતિભાઈ વસાવા તથા આંક–૨૦ થી રોહન જગદિશભાઈ દરજીનાઓને તપાસવામાં આવેલા છે. સદર બન્ને પંચ સાહેદો ફરિયાદપક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, આમ, આંક–૧૦ થી રજુ શરીર સ્થીતીનું પંચનામું પુરાવામાં ગ્રાહ્ય રાખી વંચાણે લેવામાં આવેલ છે પરંતુ પંચનામાં માહેની હકીકત ફરિયાદપક્ષ શંકાથી પર રીતે પુરવાર કરવામાં નિષ્ફળ નિવળેલ છે. આમ, કહેવાતા શરીર સ્થીતીનાં પંચનામા પર આધાર રાખી આ કામનાં આરોપીને તકશીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૫)** વધુમાં, સદર કામે ફરિયાદપક્ષ તરફે આંક–૩૨ થી તપાસ કરનાર અમલદાર કંચનભાઈ ગોકળભાઈ રાઠવા નાઓને તપાસવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ આંક–૩૨ ની સરતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ ડોક્ટર પાસેથી ફક્ત A–ફોર્મ મેળવેલ છે. સદર કામે તપાસ કરનાર અધિકારીએ ડોક્ટર પાસેથી B–ફોર્મ મેળવેલ નથી કે FSL રીપોર્ટ અસલ આ કામમાં સામેલ રાખેલ નથી.

B–ફોર્મ આરોપીનું બ્લડ સેમ્પલ FSL લેબોરેટરીમાં માટેનું ફોર્મ સદર કામે રજુ થયેલ નથી તથા C–ફોર્મ FSL સર્ટી કે જેથી જાણી શકાય કે આરોપીના લોહીમાં આલ્કોહોલની માત્રા ૦.૦૫% વેઈટ ઈન વોલ્યુમથી વધારે હોય જેથી આરોપી નશાની અસર હેઠળ હતો તેવો કોઈ માનવા લાયક દસ્તાવેજી પુરાવો એટલે કે FSL સર્ટીફીકેટ આ કામે રજુ થયેલ નથી. વધુમાં, તેઓ પોલીસ સાહેદ હોવાથી પોતાની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીની અટક કરી તેઓની સામે ચાર્જશીટ દાખલ કરેલ છે. સદર ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા તેમજ અવરજવર વાળી જગ્યા હોય તેમ છતાં સદર કામે ગુનાવાળી જગ્યાએથી સ્વતંત્ર તથા તટસ્થ સાહેદો સરળતાથી મળી રહે તેમ હોવા છતાં સદર ગુનાના કામે કોઈ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના કોઈ નિવેદન સદર ગુનાના કામે નોંધવામાં આવેલ નથી કે તેવા કોઈ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોને કોર્ટ રૂબરૂ સદર ગુનાના કામે તપાસેલા નથી. વધુમાં સદર ગુનાના કામે તપાસવામાં આવેલ ગુનાવાળી જગ્યાનાં પંચનામાના પંચ સાહેદ ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ હોય તેઓની જુબાની તથા પુરાવાથી હાલની ફરીયાદને સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પંચનામા પુરાવાના કામે ગ્રાહ્ય રાખી તેને વંચાણે લેવામાં આવેલ છે. પરંતુ સદર પંચનામાની હકિકત ફરીયાદપક્ષ તરફે પોતાના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકિકતથી પંચનામા માહેની હકિકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં સદર ગુનાના કામે ફરિયાદપક્ષ દ્વારા આ કેસનાં ફરિયાદીને કોર્ટ રૂબરૂ તપસી આંક–૩૩ થી રજુ ફરિયાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવામાં આવેલ નથી. આમ સદર પુરાવાના આધારે આ કામના આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૬)** વધુમાં કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિદ્ધાંત પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુદ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપી એ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય

કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુદ્ધ નીશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવા નો હોય છે. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિદ્ધાંત છે કે, સૌ ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. **વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે "કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ" એ.આઈ.આર.૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૩૯ માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83: (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the

statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

**(૧૭)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકિકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, કે જે એમ સાબિત કરી શકે કે, આ કામના તહોમતદારે તા.૦૬/૦૩/૨૦૨૨ ના કલાક ૨૦/૧૫ વાગે મોજે ઉતરાજ ગામે પંચવટી ફળિયામાં જાહેરમાં વગર પાસ પરમીટે કોઈ કેફી પીણાનો નશો કરેલ હાલતમાં મળી આવી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઇ હકિકત સાબિત થતી નથી.

**(૧૮)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવાામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકિકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, તેથી ફરિયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

**૧:** આ કામના આરોપી **ફતેસીંગભાઈ વિઠ્ઠલભાઈ પાટણવાડીયા** રહે. ઉતરાજ, તા. શિનોર, જી. વડોદરા નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨:** ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રુ. ૧૦,૦૦૦/- (અંકે રુપિયા દશ હજાર પુરા) ના જાત મુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન આ અદાલતમાં રજુ કરવા.

**3:** ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં સદર ચુકાદો વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

આ હુકમ આજરોજ તા. **૧૦મી,** માહે–**એપ્રિલ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૧૦/૦૪/૨૦૨૬<br>સ્થળ : શિનોર. | **(મેહજબીનબેગમ મેહબુબમીયાં સૈયદ)**<br>પ્રિન્સીપાલ સીવીલ જજ તથા<br>જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., શિનોર.<br>જજ કોડ – જીજે ૦૧૪૫૨ |

A.R.RATHVA (Guj. Steno Gr–III)

Signature Not Verified
Digitally signed by
Date: 2026.04.10 17:37:54 IST